**પ્રધાનમંત્રી G7 શિખર સંમેલન દરમિયાન મેક્સિકોના રાષ્ટ્રપતિને મળ્યા (17 જૂન, 2025)**

17 જૂન, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે કેનેડાના કાનાનાસ્કિસ G7 શિખર સંમેલન દરમિયાન મેક્સિકોના રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. ક્લાઉડિયા શિનબામ પાર્ડો સાથે મુલાકાત કરી. આ બંને નેતાઓ વચ્ચે પહેલી મુલાકાત હતી. પ્રધાનમંત્રીએ મેક્સિકોના રાષ્ટ્રપતિને તેમની ઐતિહાસિક જીત પર અભિનંદન પાઠવ્યા.

2. પ્રધાનમંત્રીએ આતંકવાદ સામે ભારતની લડાઈમાં મેક્સિકો દ્વારા આપવામાં આવેલા સમર્થન માટે રાષ્ટ્રપતિ શિનબામનો આભાર માન્યો હતો. ભારત અને મેક્સિકો વચ્ચે મૈત્રીના ઐતિહાસિક સંબંધો પર ભાર આપતાં, બંને નેતાઓએ વેપાર, રોકાણ, સ્ટાર્ટ-અપ, નવીનતા, વિજ્ઞાન અને ટેકનોલોજી અને ઓટોમોટિવ ક્ષેત્રમાં સંબંધોને વધુ વિસ્તૃત કરવા અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોને પ્રોત્સાહન આપવાની દિશામાં કામ કરવા પર સહમતિ વ્યક્ત કરી. બંને દેશો વચ્ચે વધતા વેપાર અને રોકાણમાં સહયોગ પર સંતોષ વ્યક્ત કરતાં, નેતાઓએ નજીકના ક્ષેત્રોના સંદર્ભમાં મેક્સિકો દ્વારા રજૂ કરવામાં આવેલ તકો પર ચર્ચા કરી. ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં વધતી તકો પર ચર્ચા થઈ, જ્યાં ભારત વાજબી અને ગુણવત્તાયુક્ત દવાઓ તેમજ અન્ય ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોની આપૂર્તિ અને ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે, આ સિવાય કૃષિ અને સંપૂર્ણ સ્વાસ્થ્યના ક્ષેત્રમાં સહયોગ પર પણ ચર્ચા થઈ.

3. રાષ્ટ્રપતિ શિનબામે ટેકનોલોજી, નવીનતા અને ડિજિટલ જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારતની પ્રગતિની પ્રશંસા કરી અને આ ક્ષેત્રોમાં ભારત સાથે સહકારની ઇચ્છા વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને દેશોએ સેમીકન્ડક્ટર, AI, ક્વૉન્ટમ અને મહત્વપૂર્ણ ખનીજોના ક્ષેત્રોમાં સહયોગની શોધ કરવી જોઇએ. નેતાઓએ બંને પક્ષોના થિંક-ટેન્ક સમુદાયોની આગામી બેઠકો અને બંને દેશો વચ્ચે જીવંત સાંસ્કૃતિક અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો પર ધ્યાન આપ્યું, જે પ્રવાસન પ્રવાહને પણ પ્રોત્સાહન આપશે.

4. ભાગીદાર દેશો તરીકે, નેતાઓએ વૈશ્વિક અને ક્ષેત્રીય મુદ્દાઓ અને વૈશ્વિક દક્ષિણની પ્રાથમિકતાઓ પર મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું. પ્રધાનમંત્રીએ 2016 માં મેક્સિકોની તેમની મુલાકાતને યાદ કરી અને રાષ્ટ્રપતિ શિનબામને ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું.

કાનાનાસ્કિસ

17 જૂન, 2025